સને ૨૦૨૬-૨૭ના વર્ષના રૂ.૧૦૦ કરોડ સુધીની વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગની રૂ.૪૩૮.૮૯ કરોડની ચાલુ બાબતની વહીવટી મંજુરી બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ SJED/MSM/e-file/17/2025/2372/A-1 Section

સચિવાલય, ગાંધીનગર.

તા.ઈ-સાઈન મુજબ.

**વંચાણે લીધો:**

(૧) નાણાં વિભાગનો તા.૨૫/૦૨/૨૦૨૬ નો પરિપત્ર ક્રમાંક: FD/EXP/e-file/4/2026/0429/Z1

**ઠરાવ:**

વંચાણે લીધેલ ક્રમ (૧) પરના નાણા વિભાગના તા.૨૫/૦૨/૨૦૨૬ના પરિપત્રથી સનેઃ૨૦૨૬-૨૭ના વર્ષના અંદાજપત્રમાં સમાવેશ થયેલ હોય તેવી ચાલુ બાબતો/યોજનાઓની વહીવટી મંજૂરી મેળવવા અંગેની સુચનાઓ આપવામાં આવેલ છે. જે મુજબ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકના વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગને સંબંધિત રૂ.૧૦૦ કરોડ સુધીની આ સાથે સામેલ Annexure મુજબની રૂ.૪૩૮.૮૯ કરોડની ચાલુ બાબતને ખર્ચ કરવાની નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

**શરતો:**

- આ યોજનાઓનો ખર્ચ તા.૦૧-૦૪-૨૦૨૬થી કરવાનો રહેશે.
- સંબંધિત કામો માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
- આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
- આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
- આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
- યોજના હેઠળ વખતો-વખત નિયત કરવામાં આવતી શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.
- આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
- આઇ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
- યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
- Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.
- સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.
- C.M. Dashboard સાથે યોજના Link કરવાની રહેશે.
- યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

- આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૬-૨૭ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
- પ્રવર્તમાન યોજનાઓના નોર્મ્સ અને સહાયની રકમોમાં જે ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ સાથે સામેલ રાખેલ Annexureમાં દર્શાવેલ ચાલુ બાબતો માટે આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૦૨/૦૪/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આ હુકમો બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:**

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧/૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨/૧, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા. ન્યા.) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ,ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(વિભાગની વેબસાઈટ પર મૂકવા વિનંતી સહ).
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૬.

Signature Not Verified
Signed by : Kalpanaben V Rana
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.04.07 11:15:48 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign